# હાર્દિક પટેલને સોલા સિવિલમાં ખસેડાયો

**હાર્દિક પટેલની કિડનીમાં ઇન્ફેક્શન થયું હોવાના અભિપ્રાયો : ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલની સાથે મિટિંગ બાદ હાર્દિક પટેલને શ્વાસ લેવામાં તકલીફ પડતાં હોસ્પિટલમાં દાખલ : બેંગ્લોર લઇ જવા તૈયારી**

પાટીદાર સમુદાય માટે અનામતની માંગ અને ખેડૂતોની દેવા માફીની માંગણી આમરણંત ઉપવાસ પર ઉતરેલા હાર્દિક પટેલની તબિયત આજે વધારે બગડ્યા બાદ હાર્દિકને તાબડતોડ સોલા સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો અને આઈસીયુમાં સારવાર શરૂ થઇ હતી. બીજી બાજુ હાર્દિક પટેલને વધુ સારવાર માટે બેંગ્લોર ખસેડવાને લઈને પણ ચર્ચા થઇ છે. હાર્દિકને કિડનીમાં ઈન્ફેકશન હોવાની વિગત સપાટી ઉપર આવી છે. હાર્દિકના આમરણાંત ઉપવાસના આજે ૧૪માં દિવસે તેની તબિયત વધારે લથડી હતી. હાર્દિક પટેલના ઉપવાસના ૧૪માં દિવસે આખરે તેની તબિયત લથડી જતાં તેને તાબડતોબ સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો અને એમઆઈસીયુ વોર્ડમાં બેડ નં-૩ પર તેની અરજન્ટ સારવાર શરૂ કરવામાં આવી હતી. આજે બપોરે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ સાથે મહ્તવપૂર્ણ મંત્રણા અને ચર્ચાના અડધા કલાક બાદ બપોરે ૩-૧૫ મિનિટે હાર્દિકને શ્વાસ લેવામાં તકલીફ પડતા અને તેની સ્થિતિ ગંભીર બનતાં તેને આઇસીયુ ઓન વ્હીલ મારફતે તાત્કાલિક સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાર્દિક પટેલને સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં બીજીબાજુ, અમદાવાદ શહેર સહિત રાજયભરના પાટીદાર સમાજમાં હાર્દિકની તબિયતને લઇ ચિંતાનુ મોજુ ફરી વળ્યું હતું અને ઠેર-ઠેર હાર્દિકના સારા સ્વાસ્થ્ય માટે પાર્થનાનો દોર ચાલ્યો હતો. પોતાની માંગણીઓ નહી સંતોષાતા અને સરકારપક્ષ તરફથી કો સંવાદ નહી સધાતાં રાજય સરકારને




આપેલા અલ્ટિમેટમ મુજબ હાર્દિકે ગઈકાલ રાતથી પાણીનો ત્યાગ કર્યા બાદ તેને સતત ચક્કર આવવા અને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવા સહિતની સમસ્યાઓ ચાલુ થઇ હતી. પાણીનો ત્યાગ કર્યાના અઢાર કલાક બાદ આખરે હાર્દિકની તબિયત ગંભીર રીતે બગડતાં તેને ઉપવાસ છાવણીથી બપોરે ૩-૧૫ મિનિટે આઈસીયુ ઓન વ્હીલમાં સોલા સિવિલ હોસ્પિટલમાં ખેસડવામાં આવ્યો હતો. હાર્દિકને ગમે તે ઘડીયે દાખલ કરવો પડે તેવી સ્થિતિ હોઇ તંત્ર દ્વારા હોસ્પિટલના છઠ્ઠા માળે હાર્દિક માટે આસીસીયુમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે, મોટી સંખ્યામાં સમર્થકો તેની એમ્બ્યુલન્સની પાછળ સોલા સિવિલ હોસ્પિટલ સુધી પહોંચ્યા હતાં. હાર્દિકને હોસ્પિટલ ખસેડાતા પાટીદાર પ્રભાવિત વિસ્તારોમાં પોલીસ હાઈ એલર્ટ કરી દેવાઈ છે. હાર્દિકની તબિયત લથડવાના પગલે ગુજરાતભરના પાટિદાર પ્રભાવિત વિસ્તારોમાં પરિસ્થિતિ કાબૂ બહાર ન જાય તેની તકેદારી સ્વરૂપે પોલીસને સ્ટેન્ડ ટૂ રાખી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, હાર્દિકના કથળી રહેલા સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને સોલા સિવિલ ખાતે વિશેષ રૂમ સહિતની તૈયારીઓ આગોતરી કરી દેવામાં આવી હતી. ડોક્ટરનો ફોજને તૈયાર રાખવા ઉપરાંત વ્યવસ્થા જાળવવા માટે વધારાના પોલીસ ફોર્સને પણ સોલા સિવિલ અને આસપાસના વિસ્તારોમાં તૈનાત રાખી દેવામાં આવ્યો છે. હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે ૧૪મો દિવસ હતો અને તેની તબિયત ગંભીર રીતે લથડતાં તેને સોલા સિવિલમાં આખરે દાખલ કરવાની ફરજ પડી હતી. ડોકટરોએ સ્પષ્ટ કર્યું હતું કે, હાર્દિકે મોઢા વાટે કશુંજ લીધું નથી અને તેને માત્ર બોટલ જ ચઢાવાઇ રહી હતી. હાર્દિકના શરીરમાં પોટેશીયમની ઉણપ સામે આવી હતી. હાર્દિકે પણ તેને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હોવાની ફરિયાદ કરી હતી. હાલ તો, હાર્દિક સરકારી ડોકટરો અને પાટીદારોના ખાનગી ડોકટરોની ટીમના સતત નીરીક્ષણ હેઠળ દાખલ છે. તેના લોહી, કિડની અને લીવર સંબંધી તમામ રિપોર્ટ હોસ્પિટલ તંત્ર દ્વારા લેવાયા હતા અને તેના આધારે અસરકારક સારવાર અપાઇ રહી છે. સૌરભ પટેલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, હાર્દિક સહિતના લોકોએ સમાજના અગ્રણી લોકોનું અપમાન કર્યું છે પરંતુ સરકારના દરવાજા દરેક સમાજ માટે ખુલ્લા છે.






ચાણસ્મા બહુચરાજી હાઇવે પર આવેલ પૂર્વ ગૃહમંત્રી રજનીભાઈ પટેલના ભત્રીજા પટેલ વિનોદભાઈ ઉર્ફે સ્વામીની આવેલ કામધેનું હોટલમાં રાત્રી દરમ્યાન શહેરમાં રેહતા ઓચિત પટેલ,વ્યાસ કરણ,પટેલ ધ્રુવ,અને પટેલ ચિરાગ અને પટેલ બકુલ પાંચેય યુવાનો રાત્રીના ૧૧ વાગે જમવા માટે ગયા હતા અને જમવાનો ઓર્ડર આપ્યો હતો ઝડપથી ઓર્ડર ના આવવા મામલે સ્ટાફના માણસો અને યુવાનો વચ્ચે બોલાચાલી થઇ હતી જે મામલે સ્ટાફ દ્વારા હોટલના માલિકને જાણ કરતા તેઓ આવ્યા હતા અને યુવાનો અને હોટલના માલિક સહીત સ્ટાફ વચ્ચે મામલો બીચકતા મારામારી થવા પામી હતી જેમાં યુવાનોને ગડદાપાટુંનો માર મારી તલવાર વડે હુમલો કરી ઈજાગ્રસ્ત કરવામાં આવ્યા હતા અને તેમને પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પોહચી સારવાર અર્થે ખસેડ્યા હતા આ મામલે યુવાન ઓચિતે હોટલ માલિક સહીત ત્રણ અજાણ્યા માણસો સામે ફરિયાદ નોધાઈ હતી તો સામે યુવાનોએ સ્ટાફ સાથે મારામારી કરી ધમકીઓ આપી હોવાની પાંચેય યુવાનો સામે ફરિયાદ નોધાઈ હતી ત્યારે પોલીસે બન્ને ક્રોસ ફરિયાદ નોધી આ મામલે વધુ તપાસ હાથધરી હતી. યુવાનો પર તલવાર વડે હુમલો કરતા પાંચ પૈકી ઓચિત પટેલ અને વ્યાસ કરણ બન્નેની હાલત ગંભીર થતા તેમને સારવાર અર્થે પોલીસ દ્વારા ધારપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા ત્યારે હુમલાના વિરોધમાં શહેરમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને વેહલી સવારથી ટોળા રસ્તા પર ઉતરી આવ્યા હતા અને મારામારી થનાર હોટલ ખાતે ટોળું ઘસી ગયું હતું અને ટોળાના યુવાનો દ્વારા હોટલમાં તોડફોડ કરી હતી ત્યારે પોલીસ આવી પોહ્ચતા ટોળું વિખેરી હતું. ઘટનાના વિરોધમાં શહેરના યુવાનોનું ટોળું સરદાર ચોક ખાતે મોટી સંખ્યામાં એકત્રિત થયું હતું અને યુવાનોને માર મારનાર પર કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે તેમજ ઘટનાને વખોડી કાઢી બજારોમાં ફરી દુકાનો બંધ કરાવી હતી અને ગણતરીની મીનીટોમાં સમગ્ર ચાણસ્મા સજ્જડ બંધ થઈ ગયું હતું સમગ્ર દિવસ બંધનો માહોલ યથાવત રહ્યો હતો.

## મજરા શ્રી ભૈરવનાથ વિદ્યામંદિરમાં શિક્ષકો ના હોવાથી વિદ્યાર્થીઓ વાલીઓનો હોબાળો

**શાળામાં શિક્ષકો ના હોવાથી વિદ્યાર્થીઓનુ ભણતર બગડે છે : વિદ્યાર્થીઓના ભાવી ઉપર ખતરો : બાળકોએ સુત્રોચ્ચાર કરી શિક્ષણતંત્ર સામે રોષ ઠાલવ્યો**

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના મજરા ખાતે આવેલ શ્રી



ભૈરવનાથ વિદ્યામંદિર ખાતે શિક્ષકો ના હોવાથી વિદ્યાર્થીઓ વાલીઓએ શાળામાં હોબાળો કર્યો હતો.

પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે આવેલ શ્રી ભૈરવનાથ એકજયુકેશન ટ્રસ્ટ સંચાલીત શ્રી ભૈરવનાથ વિદ્યામંદિરમાં માધ્યમીક વિભાગમાં બે શિક્ષકો ફાજલ પડતાં બે શિક્ષકોની ઘટ તથા ઉચ્ચ માધ્યમીકમાં ચાર શિક્ષકોની જગ્યાએ બે શિક્ષકો ના હોવાથી હાલ તો બાળકોના ભણતરની સાથે તેમના ભાવી ઉપર અસર પડતાં બાળકોએ ઘરે જઈ વાલીઓને જાણ કરતા બાળકો તથા વાલીઓ દ્વારા સ્કુલમાં શિક્ષકોની ભરતી કરવાની માંગ સાથે હોબાળો મચાવ્યો હતો. બાળકોએ પણ શિક્ષણતંત્ર સામે રોષ ઠાલવીને સુત્રોચ્ચાર કર્યા હતા. અમારે ભણવું છે અમને શિક્ષકો આપો ત્યારે હાલ તો શાળાના શિક્ષકોની ઘટ હોવાથી બાળકોના ભણતર અને ભાવી ઉપર અસર પડી રહી છે ત્યારે વાલીઓ તથા ગામજનોનો આક્ષેપ છે કે શ્રી ભૈરવનાથ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા પણ તેમની જવાબદારી હોવા છતાં કોઈજ કાર્યવાહી કરવામાં આવી નથી ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા આવનાર દિવસોમાં બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શું પગલાં ભરશે એ તો હવે જોવું રહ્યું!





ગુજરાત અને કેન્દ્રમાં ખેડૂત વિરોધી ભાજપ સરકારના કારણે ખેડૂતોની હાલત દયનિય બની છે. ભાજપને મત આપનાર ખેડૂતોને સત્તા મેળવવા આપવામાં આવેલા એક પણ વચન પૂરું પાડવા અસમર્થ રહેલી સરકાર સામે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મોડાસા ચાર રસ્તા ખાતે એક દિવસીય પ્રતીક ઉપવાસ અને ધરણા કાર્યક્રમ યોજી ખેડૂતોના દેવા માફ કરવાની માંગ કરી હતી. પેટ્રોલ-ડીઝલના ભાવમાં અસહ્ય વધારો અને મોંઘવારી મુદ્દે પણ સરકારને આગામી સમયમાં ઘેરવામાં આવશે હોવાનું પ્રતીક ઉપવાસ પર બેઠેલા કોંગ્રેસ અગ્રણીઓએ જણાવ્યું હતું.

### સાહિત્ય વૃત્ત ● ચોથા પાનાનું ચાલું

રહેવા માતૃભાષા પ્રેમી, સર્જકો-ભાવકોને પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

● વ્યક્તિત્વના પ્રાણસમી માતૃભાષાના સત્ત્વને જાણવા, માણવા અને નિખારવા તથા માતૃભાષા ગુજરાતીના ભાષાશાસ્ત્ર અને વ્યાકરણની સમજૂતિ માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા યોજવામાં આવતી કાર્યશાળાઓ અંતર્ગત દસમી કાર્યશાળા તા. ૮-૯-૨૦૧૮ને શનિવારે, બપોરેના ૩.૦૦ થી ૫.૩૦ દરમિયાન, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સભાખંડમાં, સેકટર-૨૦ ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં (૧) ધ્વનિલ પારેખ દ્વારા સ્વ. ભગવતીકુમાર શર્માની જીવનઝાંખી કરાવવામાં આવશે. (૨) ઉમાકાન્ત રાજ્યગુરુ દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જીવનઝાંખી રજૂ કરવામાં આવશે. અને (૩) ઉમાકાન્ત ભાઈદ્વારા વ્યાકરણ શિક્ષણ આપવામાં આવશે તથા એમની સાથે પ્રશ્નોત્તરી થશે. આ કાર્યશાળામાં ઉપસ્થિત રહેવા, ગુજરાતી ભાષાના નિષ્ણાત હર્ષદભાઈ પ્ર. શાહ (પ્રતિષ્ઠાન) દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. -muljibhaidadhi@gmail.com

### આજે મંત્રણા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમિયાધામ અને ખોડલધામના ટ્રસ્ટીઓ સાથે હાર્દિકની માગણીઓને લઈને ચર્ચા કરીશ અને સહમતિ બધા સરકાર ચર્ચા કરીશું. કદાચ આવતી કાલે હાર્દિકના મુદાઓને લઈને સરકાર સાથે ચર્ચા કરીશું. હાર્દિકની લડાઇ સમગ્ર પાટીદાર સમાજની લડાઈ છે. હાર્દિકને હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ બીજીબાજુ, રાજય સરકાર પણ હરકતમાં આવી હતી.

### ચાવીરૂપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમિટને સંબોધિત કરતા મોદીઅખે કહ્યું કે, નિશ્ચિત રીતે ભારત MOVE પર છે (આગળ વધી રહ્યું છે), અમારી અર્થવ્યવસ્થા MOVE પર છે.આપણે દુનિયાની સૌથી ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થા છીએ. આપણા શહેર અને કસ્બા MOVE પર છે. આપણે ૧૦૦ સ્માર્ટ સિટીનુંનિર્માણ કરી રહ્યા છીએ. આપણી માળખાકિય સુવિધાઓ MOVE પર છે. આપણે ઝડપથી રસ્તાઓ, એરપોર્ટ, રેલલાઈન અને પોર્ટ બનાવી રહ્યા છીએ. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, ભારતમાં મોબિલિટીના ભવિષ્યને લઈને મારું વિઝન સાત C પર આધારિત છે.



### તલોદ કોલેજના પ્રાધ્યાપકને શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ

તલોદ આર્ટસ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. એમ.આર. પરિખને ભારત જ્યોતિ એવોર્ડ તેમજ સર્ટિફીકેટ ઓફ એક્સીલન્સનો એવોર્ડ મળ્યો છે. આર્ટસ/કોમર્સ કોલેજ તલોદના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ તથા કોમર્સ વિભાગના વડા પ્રોફેસર એમ.આર. પરિખને તેમની શિક્ષણક્ષેત્રની ૩૩ વર્ષની પ્રસંશનીય સેવા અને સિદ્ધિઓ માટે ચિફ ગેસ્ટ લેફ્ટ જનરલ કે.એમ. શેઠ (છત્તીસગઢના પૂર્વ ગવર્નર)ના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. જે માટે સી.ડી. પટેલ મહાવિદ્યામંડળ કોલેજ સ્ટાફ વગેરે ગૌરવની લાગણી અનુભવે છે.

### મંદ ગતિએ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાથ ધરાયેલી કામગીરી પણ મંદ ગતિએ ચાલતા આવાસ યોજનાનુ કામ પુર્ણ થતા હજુ ચાર મહીના જેટલો સમય લાગે તેમ છે. સે-૩૦ માં સી કક્ષાના ૨૩૬ જેટલા મકાનો બાંધવા માટે કામ હાથ ધરાયુ છે. જયારે સે-૨૯ માં નવી આવાસ યોજના તૈયાર કરી દેવાયા બાદ એકાદ મહીનામાં જ આ આવાસો પણ તૈયાર કરી દેવાશે તેમ પણ સુત્રો દ્વારા જણાંવાયુ હતુ. પરંતુ હજુ સુધી આ કામગીરી પુર્ણ થઈ નથી જી એસ ટી અને કોન્ટ્રાકટરોની હડતાલના મુદે આવાસોના નિર્માણનુ કામ વિલંબમાં પડ્યુ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. સે-૩૦ માં ૨૩૬ જેટલા આવાસો બાંધવા માટેનુ કામ પુર્ણ થતા કર્મચારીઓને નવા આવાસોની ફાળવણી થશે તેવી આશા બંધાઈ હતી. પરંતુ હજુ સુધી આ કામગીરી પુર્ણ ન થતા તંત્રના ચાપડે મોટી થતી આવાસ સંબંધતિ પ્રતિક્ષા યાદી પણ હળવી કરવાનુ મુશ્કેલ બન્યુ છે. નવા આવાસો તૈયાર કરવા માટે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ શહેરમાં જોખમી મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ ખાલી જગ્યાનો સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે નવા આવાસો બાંધવા માટે હજુ સુધી સ્થળ પસંદગી પણ કરવામાં આવી નથી. જેના લીધે નવા આવાસો બાંધવાનુ કામ પણ છેલ્લા ૬ મહીનાથી અટવાયુ છે. સેકટરોમાં સ્થિત સરકારી આવાસો રહેણાંકને લાયક નથી જયારે નવા આવાસોનુ કામ મંદ ગતિએ ચાલી રહ્યુ છે. ત્યારે આવાસ માટે પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ કર્મચારીઓમાં રોષ ભભુક્યો છે.

### ગાબડા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી છે. જે અન્વયે સે-૨૬ અને સે-૨૧ માં ફુટપાથનુ કામ હાથ ધરવામાં આવશે.પરંતુ શહેરમા ફુટપાથની જાળવણીનુ કામ સદંતર વિસરાયુ છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. સેકટરોના ઉભા માર્ગોને અનુલક્ષી નિર્માણ કરાયેલી ફુટપાથો પર બિન્દાસ્ત વાહનો દોડવાતા કેટલાક ઠેકાણે વોક વે બેસી ગયો છે.જયારે વોક વે વચાળે કપાયેલા વૃક્ષોના થડીયા પણ હજુ દુર કરાયા નથી. બીજીતરફ કેટલાક ઠેકાણે ફુટપાથની કામગીરી સંદર્ભે ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. જયારે ફુટપાથ પર ગાબડા અસ્તિત્વમાં આવતા આમ નાગરિકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ઈન્ફોસીટીના સર્વિસ રોડ પર નિર્મામ કરાયેલી ફુટપાથ પર આ જ પ્રકારના ગાબડા જોવા મળી રહ્યા છે. ફુટપાથનુ કામ જે એજન્સીને સોંપવામાં આવ્યુ હતુ તે જવાબદાર એજન્સી પાસેથી પણ તંત્ર જવાબદારી પુર્વક કામ લેવામાં નિષ્ફળ રહ્યુ હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે. શહેરમાં આમ નાગરિકોને સુવિધા પુરી પાડવા માટે કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ કરાયેલા વોક વે જ જોખમી હાલતમાં હોય તેવી સ્થિતિ સર્જાઇ છે.

### તોબા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજયની મોડેલ કહેવાતી આ આર ટી ઓ કચેરીમાં કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિ પ્રવેશ ન કરી શકે તે માટે ચોકીદારનો પહેરો પણ ગોઠવાયો છે. પરંતુ હજુ સુધી એજન્ટોના માધ્યમથી જ કચેરીનો વહીવટ ચાલે છે. અધિકારીઓ મળતિયા એજન્ટોને પોષવાની નિતી અપનાવી છે. આર ટી ઓ કચેરીના આંગણે જ ટ્રાફિક નિયમનના લીરા ઉડે છે. ટ્રાફિક નિયમનના સરેઆમ ભંગ સાથે નગરના ગ માર્ગ પર જોખમી સ્થિતિ સર્જાય છે. જયારે આસપાસના રહેણાંક વિસ્તારના રહીશો પણ આ મામલે તોબા પોકારી ગયા છે. જયારે આર ટી ઓ કચેરીમાં સીધા આવતા અરજદારો પણ હવે ત્રાહીમામ પોકારી ગયા છે. ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લઈને આવતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. આર ટી ઓ અધિકારીની ખો આપવાની નીતીના લીધે અરજદારોના કામ થતા નથી જયારે અરજદારોએ એજન્ટના મારફતે જ પોતાનુ કામ નિપટાવુ પડે તેવા ગતકડા કરવામાં આવે છે. રીક્ષાના બેઈઝડ લાયસન્સ માટે ધો -૮ પાસ ફરજિયાત છે. જયારે રીક્ષાના આ ડ્રાઈવર પાસે ધો -૧૦ બાદનુ શાળા છોડયાનુ પ્રમાણપત્ર તમામ ડોકયુમેન્ટ હોવાછતા અધિકારીએ ગ્રાહ્ય ન રાખી સંબંધિત શાળામાંથી ધો -૮ પાસ કર્યુ હોય તેવુ પ્રમાણપત્ર રજુ કરવા આગ્રહ રાખી જડતા દાખવી હતી.

## મોડાસા પંથકમાં પાટીદાર સમાજનું હાર્દિક પટેલને પ્રચંડ સમર્થન

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લામાં હાર્દિક પટેલના પાટીદાર અનામત અને ખેડૂતોના દેવા માફી સાથેના આમરણાંત ઉપવાસ ૧૪ દિવસ પૂર્ણ થતા અને સરકાર દ્વારા કોઈ પણ પ્રકારની વાટાઘાટોથી દૂર રહેતા હાર્દિક પટેલે જળ ત્યાગ કરતા સરકારના અહંકારી વલણ સામે અરવલ્લી જીલ્લામાં પાટીદાર સમાજના ગ્રામ્ય વિસ્તારોમાં હાર્દિક પટેલના સમર્થનમાં રામધૂન અને મુંડન કાર્યક્રમો સહીત ભાજપમાંથી રાજીનામુ આપવાની ચીમકી સહીત હાર્દિક પટેલના સમર્થનમાં મોરચો મોડયો છે. મોડાસા પંથકના પાટીદાર સમાજના ગ્રામ્ય વિસ્તારોમાં ધીરે ધીરે પ્રચંડ સમર્થન મળી રહ્યું છે. અરવલ્લી જીલ્લાના પાસ કન્વીનર તેજસ પટેલ, રાહુલ પટેલ સહીત વણિયાદ ગામના અને પાટીદાર યુવાનોએ મુંડન કરાવ્યા હતા.




મોડાસા તાલુકાના લીંભોઇ અને કિશોરપુરા ગામે મહિલાઓએ રામધૂન અને થાળી-વેલણ વગાડી સરકારને જગાડવાનો પ્રયાસ કર્યો હતો. અરવલ્લી જીલ્લાના પાટીદાર મહિલા મંડળ દ્વારા મોટી સંખ્યામાં મહિલાઓ ભજનમંડળી સાથે શનિવારે હાર્દિક પટેલના નિવાસસ્થાને પહોંચી રામધૂન બોલાવવાની પણ તૈયારીઓ હાથ ધરી હતી. પાટીદાર યુવા અગ્રણીઓ અને મહિલાઓના જણાવ્યા અનુસાર જીલ્લામાં ઠેર ઠેર કેન્ડલ માર્ચ અને થાળી-વેલણ વગાડી હાર્દિક પટેલને સમર્થન આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. વણિયાદ-લીંભોઇ-સાકરિયા-અમીયાપુરમાં મહિલાઓ થાળી વેલણ સાથે ગરબે રમી આરતી-ભજન કરી હાર્દિકના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી.



### હિમતનગર કોંગ્રેસે રાફેલ કૌભાંડના વિરોધમાં ધરણા યોજી આવેદનપત્ર આપ્યું

ભારત સરકાર દ્વારા ફ્રાંસ યુધ્ધ જહાજમાં મસમોટા કૌભાંડ થયા હોવાના આક્ષેપ સાથે શુક્રવારે સાબરકાંઠા જીલ્લા કોંગ્રસ દ્વારા હિમતનગર ખાતેના ટાવર ચોકમાં ધરણા યોજી ઈન્ચાર્જ જીલ્લા કલેકટરને આવેદન આપ્યું છે તેમજ રાફેલ ડીલ મુદે સ્પષ્ટતા કરવા રજૂઆત કરી હતી. સાબરકાંઠા જીલ્લા કોંગ્રસ દ્વારા હિમતનગર ખાતે ફ્રાંસ યુધ્ધ જહાજમાં મસમોટા કૌભાંડ થયા હોવાના આક્ષેપ સાથે એક ધરણા પ્રદર્શન યોજ્યું હતું તેમજ ભાજપ સરકાર સામે નારેબાજી કરી આમ જનતા ને રાફેલ ડીલ મુદે સાચી વાત રજુ કરવા માંગ કરી હતી.હિમતનગરના બગીચા વિસ્તારમાં જીલ્લા કોંગ્રસ દ્વારા ૧૦૦ થી વધુની સંખ્યામાં કોન્ગ્રસી આગેવાનો એ સુત્રોચ્ચાર કર્યા હતા તેમજ સાબરકાંઠા જીલ્લા કોંગ્રસ દ્વારા હિમતનગર જીલ્લા કલેકટર કચેરી સુધી રેલી યોજી ઈન્ચાર્જ જીલ્લા કલેકટરને આવેદન આપ્યું છે તેમજ આગામી સમયમાં રાફેલ ડીલ મુદે ભારતની જનતા સામે સ્પસ્ટતા કરવા રજૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં પ્રાંતિજના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, હિમતનગર વિધાનસભાના પૂર્વ કોંગ્રેસના ઉમેદવાર કમલેશ પટેલ, રામભાઈ સોલંકી, મૌલેશ સોની, પૂર્વ કોંગ્રેસ મહિલા મોરચાના પ્રમુખ નિર્મલાબેન પંચાલ સહીત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.